# Fun with Family

Day-37 | 05 May, 2020



स्वामिनारायण
BAPS

## "FWF Song"

કોરોનાને લીધે બહાર ન જવું ક્યાંય,
ટ્રેન-બસ બધું બંધ છે મારા ભાઈ.
હમણાં તો ઘરમાં જ રહેવું તે સલામત છે,
કોરોનાથી બચવાનો આ ઉત્તમ ઈલાજ છે.
પણ ઘરમાં કઈ રીતે વિતાવશું વેકેશન,
Fun With Family પાસે છે તેનું Solution.





## "હાથીમામા"

મિત્રો, આજે રૂમાલમાંથી
'હાથીમામા' બનાવવાના છે...
થઈ જાઓ તૈયાર...
લીંક દબાવો અને શીખો...

https://bit.ly/2L1d5Ha

## "BAPS STARS"

હવે, BAPS ના લંડનમાં રહેતા બાળમિત્રો
એક અદ્ભુત કીર્તન આપની સમક્ષ રજૂ કરશે...
લીંક દબાવો અને જુઓ કે લોકડાઉનના સમયમાં
પણ ઘરે રહી કેવી રીતે કીર્તનભક્તિ કરી શકાય...



https://bit.ly/3fjo0u0

## “લોલક”



મમ્મી-પપ્પા, દાદા-દાદી,
ભાઈ-બહેન
સૌને તૈયાર કરો...
લીંક દબાવો અને
રમત શીખો...

https://bit.ly/2L1wXtM

## “કેમ છો...??”

Friends, હવે આપણા સગા ફઈ અથવા
માસીને Video Calling કરીશું...
અને તેમની તબિયત કેમ છે ?
તે પૂછીશું... અને આવા સમયમાં તેઓ
પોતાનું ધ્યાન રાખે તેવી વિનંતી કરીશું...



## “Tasty... Yummy...”



આજે BAPS ના બાલિકા સભ્ય
આપણને આચાર્ય ખીચડી બનાવતા
શીખવશે... બહુ જ મસ્ત ટેસ્ટ આવશે...
લીંક દબાવો અને શીખો... પણ હા...
આજે રાત્રે ખીચડી બનાવી ઠાકોરજીને
અને ઘરનાં સભ્યોને જરૂર જમાડજો...

https://bit.ly/2YK9vJV

## "ગુજlish"

નીચે આપેલી નવી મિશ્રણભાષા વાંચતાં આવડશે??

- BD K Cગારેટ Pવાથી Kન્સર થાય છે.
- Gવન Aવું Gવો K મોટા સંત રાG થાય.
- Cનેમા ન જોવી જોEએ.
- મારા Pતા UવરાજભાIEને જલેB બહુ ભાવે છે.
- Jવો સંગ તેવો રંગ.
- મને M થાય K હરિને ભG લઉં.
- Kરી ને Kળાં સારાં ફળો છે.
- Kળાંમાં BJ ન હોય.
- Vજય, Bમલ ને Kતન બાળસભામાં જાય છે.
- યોગીG મહારાજ K'તા (કહેતા) 'ભગવાન ભG લેવા.'
- ભજન-ભક્તિ CY GY કેમ ?

## "Potato Race"

મને ખબર છે તમે ક્યારનાં રમત શોધો છો...!!
આ રહી રમત... લીંક દબાવો અને શીખો...

https://bit.ly/3c57Diq



## "KIRTAN QUIZ"



હવે ખબર પડશે કે કયા બાળમિત્રને કેટલા કીર્તન આવડે છે...??
લીંક દબાવો અને કીર્તન QUIZ માં ભાગ લો...


https://bit.ly/3c544ca



## "ચિત્રવાર્તા"

નીચેની ચિત્રવાર્તા ઝટપટ ઉકેલો.

એક  [૧] હતો. તેણે [૨] ૧  [૩] પાળ્યો હતો. એક  [૪] તેણે એક  [૫] ને બોલાવ્યો અને કહ્યું, 'તું મારા  [૬] ને બોલતાં-વાંચતાં શીખવ કે જેથી તે  [૭] વાંચી શકે. અને  [૮] કરી શકે.' પંડિતે  [૯] ને કહ્યું, 'એ માટે ૧૯ [૧૦] વર્ષ લાગશે.'  એ કહ્યું, 'વાંધો નહિ, પણ જો પોપટ બોલતો ન થયો, તો તારું  [૧૨] આવ્યું સમજજે.' પંડિત  [૧૩] ભણી આવ્યો. તેની  [૧૪] એ આ વાત જાણી. તે કહે, 'પતિદેવ ! તમે આવું જોખમ કેમ લીધું ? તમે કેવી રીતે  [૧૫] ને વાંચતાં-લખતાં શીખવશો ?' પંડિત  [૧૬] કહે, 'જો, ૧૯ વર્ષ પછી કાં તો હું નહિ હોઉં ! કાં તો  [૧૭] મરી જશે ! કાં તો  [૧૮] નહિ હોય! માટે  [૧૯] કરવાની જરૂર નથી.'

બોધ: જોખમ ખેડતાં પહેલાં યોગ્ય 

[૨૦] કરી લેવી જોઇએ.

૧-૧૧-૧૭ : રાજા, ૨ : એક, ૩-૬-૧૫-૧૮ : પોપટ, ૪ : દિવસ, ૫ : પંડિત, ૭ : પુસ્તક, ૮ : પ્રવચન, ૯ : વિચારીને, ૧૦ : ઓગણીસ, ૧૨ : મોત, ૧૩ : ઘરે, ૧૪ : પત્ની, ૧૬ : હસતાં-હસતાં, ૧૯ : ચિંતા, ૨૦ : ગણતરી

## "QUIZ TIME"

https://bit.ly/35wTJDx | Guj.

https://bit.ly/2W19saA | Hin.

https://bit.ly/3fcCITy | Eng.



## "મેળવો રાજીપો"

**મા-બાપને ભૂલશો નહિ**

ભુલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહિ,
અગણિત છે ઉપકાર એના, એહ વિસરશો નહિ...
કાઢી મુખેથી કોળિયો, મ્હોમાં દઈ મોટા કર્યા,
અમૃત તણાં દેનાર સામે, ઝેર ઉગળશો નહિ...
ભીને સૂઈ પોતે અને, સૂકે સુવડાવ્યા આપને,
એ અમીમય આંખને, ભૂલેથી ભીંજવશો નહિ...
ધન ખરચતાં મળશે બધું, માતા પિતા મળશે નહિ,
પલપલ પુનિત એ ચરણની, ચાહના ભૂલશો નહિ...




## "મ્યાંઉ... મ્યાંઉ..."

મ્યાંઉ... મ્યાંઉ કરતી બિલાડી બનાવો...
લીંક દબાવો અને શીખો...
અને તે બિલાડી ઘરમાં બધાને દેખાડી
હસાવો...

https://bit.ly/35t2mim



## “My Guru, My Life”

આપણા બાળમિત્રોએ આપણને સૌને મૂંઝવતા કેટલાક પ્રશ્નો
સ્વામીશ્રીને પૂછ્યા... સ્વામીશ્રીએ ખૂબ જ સુંદર જવાબ આપ્યા છે...
લીંક દબાવો અને જવાબ સાંભળો...

https://bit.ly/3fdPLnH



# બિલ્લી રે બિલ્લી...



- બિલાડી દિવસ દરમ્યાન **૧૬ કલાક** ઊંઘે છે.
- બિલાડી કલાકના **30 કિ.મી.** ની ઝડપે દોડી શકે છે.
- એક મોટી બિલાડીને **30 દાંત** હોય છે.
- **'ટોપેટમ લુસિડમ પ્રોટીન'** ને કારણે બિલાડીની આંખો રાત્રે પણ ચમકે છે.
- માણસની સરખામણીએ બિલાડીના શરીરમાં સૌથી વધુ એટલે કે **૨૩૦ હાડકાં હોય છે**. માનવ શરીરમાં **૨૦૬ હાડકાં** હોય છે.
- **સમતુલા જાળવવા** માટે બિલાડી પૂંછડીનો ઉપયોગ કરે છે.
- રખડતી બિલાડીઓનું આયુષ્ય આશરે **3 થી ૫ વર્ષ** હોય છે. જ્યારે પાળેલી બિલાડીઓ **૧૦ થી ૧૫ વર્ષ** જીવે છે.







- **બિલાડીના કાન** માણસો અને કૂતરાની સરખામણીમાં **વધારે સજાગ-કાર્યરત** હોય છે.



- બિલાડી **૧૦૦ પ્રકારના** અવાજ કાઢી શકે છે, જ્યારે કૂતરા **૧૦ પ્રકારના** જ અવાજ કાઢી શકે છે.
- બિલાડીના નામે **વિવિધ કહેવતો** પણ જાણીતી છે.



- ભારતમાં પર્શિયન, સાઈમીજ પ્રજાતિની બિલાડીઓની વધારે માગ છે. તેની કિંમત **૧૨ થી ૧૪ હજારની** વચ્ચે હોય છે. જોકે, બજારમાં રશિયન બ્લ્યૂ, સ્કોટિશ ફોલ્ડ જેવી **૬૦ થી ૭૦ હજારની** મોંઘી બિલાડીઓ પણ વેચાય છે.




- આમ તો બિલાડીનું સામાન્ય આયુષ્ય ૧૦-૧૫ વર્ષનું હોય છે, પણ **ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ** મુજબ 'ક્રેમ પફ' નામની અમેરિકાની એક બિલાડીએ **૩૮ વર્ષનું આયુષ્ય** ભોગવ્યું હતું.



# Bhasmasur Becomes Bhasma

Story Time




**Friends, today you have to prepare this story and present it to the parents.**




**Remember, you have to perform this story in front of Mom and Dad.**

# મુશ્કેલી આવે ત્યારે



રાજપુર નામનું એક ગામ હતું. તેમાં એક ડોશીમા રહે. તેમના પતિ મૃત્યુ પામ્યા. તેથી સંબંધીઓએ તેમની બધી જમીન ઝૂંટવી લીધી અને ડોશીમાને હાથે-પગે ઘરમાંથી બહાર કાઢી મૂક્યાં.



ડોશીમા બીચારાં શું કરે ?! તેઓ દુ:ખી થઈ ગામના ચોરે પહોંચ્યાં. ભગવાનને યાદ કરવા લાગ્યાં. તેમને દુ:ખી જોઈ ગામના મુખીએ કહ્યું, 'મુશ્કેલી આવે ત્યારે રાજા ઉકેલ લાવે.'



ડોશીમા રાજા પાસે પહોંચ્યાં. રાજા ખૂબ દયાળુ હતા. તેમણે ડોશીમાને કહ્યું, 'તમે ઘરે જાઓ. હું કાલે તમારે ત્યાં આવીશ. કોઈ પ્રકારની ચિંતા ન કરશો. પ્રજાને ન્યાય આપવો મારી ફરજ છે.'

**બાળમિત્રો, અહીં આપેલી વાર્તા આપણે આજે તૈયાર કરવાની છે અને Action સાથે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**

ડોશીમા ઘરે પાછાં આવ્યાં. થોડીવારે રાજા પણ ત્યાં પહોંચ્યા. ઘર પાસે જ્યાં કૂવો હતો, તેમાં પોતાની એક નાની વીંટી નાંખી. પછી ડોશીમાને ચાલી જવા કહ્યું અને બધા સંબંધીઓને બોલાવ્યા. પણ તેઓ વટ મારવા માંડ્યા.





રાજાએ પૂછ્યું, 'કોનો કૂવો છે આ ? આમાં મારી બે નાની વીંટીઓ પડી ગઈ છે. એ જો નહીં મળે, તો જેનો કૂવો હશે અને જેને આસપાસની જમીન હશે, તેને કેદમાં પૂરી દઈશ.' પછી સંબંધીઓએ ખૂબ મહેનત કરી. એક વીંટી મળી. પણ બીજી મળે જ નહીં.


સંબંધીઓએ વિચાર્યું, 'આ તો મોત થશે. ચાલ બદલો.' તેમણે રાજાને કહ્યું, 'આ કૂવો ને જમીન અમારાં નથી. ડોશીનાં છે.' રાજા કહે, 'તો લ્યો આ દસ્તાવેજ. અને પાકો કરાર લખી આપો.' આમ દગાબાજ સંબંધીઓ સીધા થઈ ગયા.



બોધ : રાજાએ ડોશીમાની મુશ્કેલી દૂર કરી. તેમ મુશ્કેલી આવે ત્યારે રાજાઓના રાજા ભગવાનને પ્રાર્થના કરવી. તેઓ આપણી મુશ્કેલી દૂર કરી દે છે.

**યાદ રાખજો આ વાર્તા આજે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**

























**Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...**
**"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં**
**રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...**
**તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા**
**ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...**
**નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.**

https://bit.ly/35wh4Fa



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



**ઉધરસ/છીંક આવે તો રૂમાલ રાખીને ખાશો.**



**ઘરમાં એકબીજા સભ્યોથી દૂર રહો.**



**દર ૨૦ મિનિટે સાબુથી ઘસીને હાથ ધોઈ નાંખશો.**



**ઘરની બહાર નીકળવું નહિ.**



**આંખ, મોઢું, નાકને સ્પર્શ કરવાનું ટાળો.**

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. **( 9998999209)**

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

**પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.**
**પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ**